જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૧૧/૨૦૧૮ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૨૫૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૩૧૩ લીટર દેશી દારૂ અને ૪ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી ૬૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૨૫૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ-  સમાચાર યાદી નં.૨૨૫૬/૧૮

**ઘાટલોડીયાઃ** નિરાંગભાઇ અમૃતભાઇ પટેલ (ઉ.વ.૩૮)(રહે.નેમીનાથકૃપા સોસાયટી યુગાન્ડા બંગ્લોઝની બાજુમાં સુભાષચોક ગુરૂકુળ રોડ મેમનગર) એ તા.૧૮/૧૧/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૧૮ નારોજ આરોપી ઇમરાન જુસબ જાફરાબાદી (રહે.રજાક કોલોની મોટા સલાયા માંડવી જી.કચ્છ) નિરાંગભાઇ પાસેથી મારુતી સ્વીફ્ટ કાર નંબર જીજે.૦૧.આર.કે.૧૨૮૦ કિમત રૂપિયા ૫,૧૫,૦૦૦/- પૈકી રૂપિયા ૧,૧૫,૦૦૦/- આપી કાર લઈ જઈ બાકી નિકળતા રૂપિયા ૪,૦૦,૦૦૦/- આજદીન સુધી નહી ચુકવી નિરાંગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.પ્રસાદ ચલાવે છે.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૨૨૫૭/૧૮

**ઈસનપુરઃ** અવિનાશ શાંતિલાલ રાજગૃહ (રહે.હીરાબાગ સોસાયટી સરદાર પટેલ સ્કુલ પાસે મણીનગર) એ તા.૧૮/૧૧/૧૮ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૧૮ કલાક ૬/૦૦ થી તા.૧૭/૧૧/૧૮ રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી , બેડરૂમમા આવેલ કબાટનુ લોક તોડી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચાવડા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૮/૧૮**

**કાગડાપીઠઃ** કુશભાઇ સુરેશભાઇ શાહ (ઉ.વ.૨૭)(રહે, લાલાભાઇની પોળ, માંડવીની પોળ, માણેકચોક, ખાડીયા) એ તા.૧૮/૧૧/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૧/૧૮ રાતના ૧૨/૦૫ વાગ્યાના સુમારે મજુરગામ ત્રણ રસ્તા નજીક અજાણ્યા મોટર સાયકલ ચાલક સાથે બોલાચાલી ઝગડો થયેલ ત્યારે ઝગડામાં છોડાવવા આજુ-બાજુના માણસો આવેલ તેમાંથી અજાણી વ્યક્તિ કુશભાઇના ગળામાંથી સોનાની પેડલ સાથેની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી એસ.એમ.ગામીત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૯/૧૮**

**વેજલપુરઃ** જહીદ ઉર્ફે જાવેદ સ/ઓ માનમિયા પઠાણ (ઉ.વ.૨૯)(રહે.“ઇ” વોર્ડ સંકલીતનગર પાણીની ટાંકી પાસે જુહાપુરા) એ પત્ની પિયરમાં રહેતી હોઇ મનમા લાગી આવતા, તા.૨૯/૧૦/૧૮ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૧/૧૮ સાજના ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.લાખણોત્રા ચલાવે છે.

**દાણીલીમડાઃ** (૧) સલમાબાનુ વા/ઓ રફિકભાઇ શેખ (ઉ.વ. ૩૫) (રહે. સાઇડ એન્ડ સર્વિસ ગંજશહિદ કબ્રસ્તાન સામે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૧૮ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી જાતે જ દીવાસળી ચાપી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૮/૧૧/૧૮ કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.કુરેશી ચલાવે છે.

**દાણીલીમડાઃ (૨)** બાબુભાઇ ટાભાભાઇ પરમાર (ઉ.વ.૩૫) (રહે.પરીક્ષિતલાલનગર બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૧૮ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે. કુરેશી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.